# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-02-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## ગાંધીનગરમાં કાર્યશાળા:

ગાંધીનગરમાં "ભાષિણી રાજ્યમ્ ગુજરાત ચેપ્ટર" વિષય પર એક દિવસની રાજ્યકક્ષાની કાર્યશાળા યોજાઈ. ગુજરાત ઇન્ફર્મેટિક્સ લિમિટેડ તથા ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટૅક્નોલોજી મંત્રાલય દ્વારા યોજાયેલી કાર્યશાળામાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, "કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. આધારિત ભાષિણી ટૂલ્સ થકી ગુજરાતી સહિત સ્થાનિક ભાષાઓનો વધુ સારો ઉપયોગ થઈ શકશે.

આ ટૂલ્સની મદદથી હવે અંગ્રેજી સહિત કોઈ પણ ભાષામાંથી તેનું સ્થાનિક ભાષામાં ભાષાન્તર કરી શકાય છે, જેથી વિષય-ભાષાને સમજવામાં વધુ સરળતા રહેશે," તેમ પણ શ્રી મોઢવાડિયાએ ઉમેર્યું

--------------------------------------------------------------------------------

## ગાંધીધામ શહેરનો ૭૮મો સ્થાપના દિવસ:

ગાંધીધામ શહેરનો 78મો સ્થાપના દિવસ ગાંધીધામ મહાનગરપાલિકા, દીનદયાલ પોર્ટ ઓથોરિટી અને સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે આજે ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત આદિપુરમાં ભાઈ પ્રતાપ દિનદયાલજીની સમાધિ, ગાંધી સમાધિ અને મહારાજ મદનસિંહજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને શહેરના વિકાસમાં તેમના યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્યો, આગેવાનો સહીત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા અને શહેરના વિકાસ અને સંસ્કારસભર પરંપરાને આગળ વધારવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

---

## ગાંધીધામ : કંડલા ટીમ્બર એસોસિએશન:

ગાંધીધામથી ઉત્તર ભારત સુધી લાકડાંના પરિવહનને રેલ માર્ગે વેગ આપવા માટે રેલવેના ઉચ્ચ અધિકારીઓ અને વેરહાઉસિંગ કોર્પોરેશન વચ્ચે મહત્વની બેઠક યોજાઈ હતી. અમદાવાદ મંડળના રેલ પ્રબંધક વેદપ્રકાશની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં કંડલા ટિમ્બર એસોસિએશનના સભ્યો પણ જોડાયા હતા. રેલ આધારિત ટિમ્બરનાં લોડિંગને પ્રોત્સાહન આપવા, લોજિસ્ટિક્સ સહયોગને મજબૂત બનાવવા અને સંચાલન સંબંધિત પડકારોના ઉકેલ માટે વિવિધ  વિચારવિમર્શ કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ સંચાલન સંબંધિત પડકારો ઉકેલીને લાકડાંના લોડિંગને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો.

---

## પરીક્ષા : એક મહોત્સવ – કાર્યશાળા

આગામી 26 ફેબ્રુઆરીથી શરૂ થતી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને કચ્છ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના માનસિક મનોબળને મજૂબત કરવા માટે એક વિશેષ પહેલ કરવામાં આવી છે. ભુજની આર.ડી. વરસાણી સ્કુલ ખાતે અંદાજે 2000 જેટલા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા એક મહોત્સવ શિર્ષક હેઠળ એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.  મુખ્ય વક્તા તરીકે સ્વામી પ્રદીપ્તાનંદજી સરસ્વતીએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો અને તેમને પરીક્ષાના પેપરો લખવા માટે જરૂરી આત્મવિશ્વાસ કઇ રીતે કેળવવો તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે જણાવ્યૂં હતું કે કચ્છ જિલ્લો છેલ્લા ત્રણ વર્ષથી બોર્ડના પરિણામોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રહ્યો છે અને આ વર્ષે પણ તે પરંપરા જાળવી રાખવા માટે શિક્ષણ વિભાગ સજ્જ છે.

---

## ધોળાવીરા:"એનાલોગ સ્પેસ મિશન":

ધોળાવીરાના સફેદ રણમાં તાજેતરમાં આકાશ સ્પેસ સ્ટુડિયો દ્વારા આયોજિત એક મહત્વકાંક્ષી 'એનાલોગ સ્પેસ મિશન' સફળતાપૂર્વક સંપન્ન થયું છે. ૧ થી ૮ ફેબ્રુઆરી દરમિયાન ચાલેલા આ મિશનમાં ૧૭ વર્ષીય આદિત્ય પંડ્યા ભારતના  સૌથી યુવા 'મેલ એનાલોગ એસ્ટ્રોનોટ' તરીકે ઉભરી આવ્યા છે.

ચંદ્ર જેવા પડકારજનક વાતાવરણનો અભ્યાસ કરવા માટે ચાર સભ્યોની ટીમે આઠ દિવસ સુધી બાહ્ય સંપર્ક વિહોણા રહી આધુનિક કન્ટેનર હબીટેટમાં સમય વિતાવ્યો હતો. આદિત્યએ આ મિશનમાં 'ટેકનિકલ હેડ' તરીકે મહત્વની ભૂમિકા ભજવી, જેમાં તેમણે પોતે વિકસાવેલી આઈ.ઓ.ટી અને હબીટેટ ઇન્ટેલિજન્સ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું હતું. ડિજિટલ ટ્વિન ફ્રેમવર્ક પર આધારિત આ મિશન દ્વારા ભારતે અંતરિક્ષ વિજ્ઞાન અને સિમ્યુલેશન ટેકનોલોજીમાં નવું સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે.

-----------------------------------------------------------------------------------

## અબડાસામાં નિ:શુલ્ક મેડીકલ કેમ્પ:

અબડાસાના કોઠારા ખાતે 'જનકલ્યાણ મેડિકલ સોસાયટી' સંચાલિત નવનીત કેન્સર રિસર્ચ હોસ્પિસ એન્ડ ડાયાલિસિસ સેન્ટર દ્વારા નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો હતો. છેલ્લા 33 વર્ષથી કાર્યરત આ સંસ્થાના ઉપક્રમે કોઠારા સાર્વજનિક દવાખાનામાં આયોજિત આ કેમ્પમાં આસપાસના ગામોના કુલ 197 લોકોએ આરોગ્ય તપાસ કરાવી લાભ લીધો હતો.

-----------------------------------------------------------------------------------

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કાર :

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2024ના ગૌરવ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં કચ્છી ભાષા માટે જાણીતા લેખક માવજી મહેશ્વરીને 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' અને મુંબઈ સ્થિત યુવા સર્જક દીપક નંદાને 'યુવા ગૌરવ પુરસ્કાર' એનાયત થશે.

કટારલેખક માવજી મહેશ્વરીને વાર્તાસંગ્રહ, ઐતિહાસિક સંશોધનો અને સાહિત્યિક યોગદાન બદલ ₹1 લાખ, સ્મૃતિચિહ્ન અને શાલથી સન્માનિત કરાશે. જ્યારે 'વલ' કાવ્યસંગ્રહના સર્જક દીપક નંદાને કચ્છી કવિતા ક્ષેત્રે તેમના પ્રદાન બદલ યુવા પુરસ્કાર મળશે. આ ઉપરાંત ગુજરાતી ભાષા માટેનો યુવા ગૌરવ એવોર્ડ અજય સોનીને જાહેર થયો છે. આ જાહેરાતથી સાહિત્ય જગતમાં આનંદની લહેર ફેલાઈ છે.

---